જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૫/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૪૪૩ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૪૪ બિયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૯૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૯૩/૧૬**

કૃષ્ણનગર : નવીનભાઇ નિકુંજભાઇ ઝા (રહે.સૈજપુર ટાવર, કુબેરદાસની જુની ચાલ, જનતાડેરી પાસે, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૬ ના કલાક ૫/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે ઘર નજીકથી પોતાના પુત્ર પુરષોત્તમ (ઉ.વ.૧૩) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૯૪/૧૬**

**કાલુપુર** : સાગરભાઇ અશોકભાઇ માખીજા (રહે.હરીદર્શન એપાર્ટમેન્ટ, કુબેરનગર, સરદારનગર) એ તા.૨૮/૫/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૫/૧૬ રાતનાં ૮/૦૦ થી તા.૧૪/૫/૧૬ સવારનાં ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર સુગ્નોમલ માર્કેટમાં આવેલ દુકાન નં.૨૩૨/૩ કે.વર્ષા ક્રીએશન નામની પોતાની દુકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાપડનો કાચો માલ કિંમત રૂપિયા ૬૮,૦૦૦/- મતાનો ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**વેજલપુર** : મોહમદઇરફાન અબ્દુલસત્તાર શેખ (રહે.આફીયત ફ્લેટ, જુહાપુરા) એ તા.૨૮/૫/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૫/૧૬ બપોરનાં ૩/૦૦ થી તા.૨૬/૫/૧૬ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિંમત રૂપિયા ૫૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા** : પારીજાત ઉમાશંકર ગૌડ (રહે,ઓમશાંતીનગર વિભાગ-૨, કર્ણાવતી-૧ ની સામે, નારોલ) એ તા.૨૮/૫/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૫/૧૬ થી તા.૨૬/૫/૧૬ નાં કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના મળી કુલ કિંમત રૂપિયા ૧,૦૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વટવા પો.સ્ટે.નાઓ ચલાવે છે.

<u>**નજર ચુકવી ચોરી :**</u> <u>**સમાચાર યાદી નં.૯૯૫/૧૬**</u>

**પાલડી** : અંજનાબેન વા/ઓ દિપકભાઇ પટેલ (ઉ.વ.૪૭)(રહે, મધુવન સોસાયટી, કઠવાડા રોડ, નરોડા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૬ બપોરનાં ૧૨/૩૦ થી ૧૨/૪૦ વાગ્યા દરમ્યાન B.R.T.S.ની બસમાં ધરણીધર B.R.T.S. થી અંજલી સર્કલના બસ સ્ટોપ સુધીની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ અંજનાબહેનની નજર ચુકવી તેમનાં કપડાનાં થેલામાં નીચે ચીરો મારી, થેલામાંથી સોનાના દાગીના મુકેલ નાનુ પાકીટ, કે જેમાં સોનાનો દોરો અને મંગળસુત્ર મળી કુલ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૫૦૦/- મળી કુલ રુપીયા ૬૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

<u>**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૯૯૬/૧૬**</u>

**સોલા હાઇકોર્ટ** : શીલાબેન જશભાઇ પટેલ (રહે,જય અદિતીપાર્ક એપાર્ટમેંટ, માધવ રેસીડેંસીની પાસે, ચાંદલોડીયા) તા.૨૮/૫/૧૬ ના કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શીલાબહેન પટેલે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી..સૈયદ ચલાવે છે.

<u>**વાહન ચોરી :**</u> <u>**સમાચાર યાદી નં.૯૯૭/૧૬**</u>

**સરખેજ** : મોહમદઇરફાન એહમદભાઇ મોદન (રહે.અમ્મે બુરહાન સોસાયટી, જુહાપુરા ચાર રસ્તા પાસે, જુહાપુરા) એ તા.૨૮/૫/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૫/૧૬ બપોરનાં ૨/૩૦ વાગ્યાના સુમારે સાણંદ સર્કલથી શાંતીપુરા સર્કલ તરફ જતા રોડ ઉપર, હોટલ સહયોગ નજીક રોડની સાઇડમાં પોતાની બોલેરો મેકસી ટ્રક નંબર જી.જે.૨૩.વી.૫૦૫૦ પાર્ક કરી હતી. જેની ૩૦ મીનીટમાં કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ઇસરાની ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)